GJSR120000642024

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૦૪/૦૧/૨૦૨૪ | | |
| નોંધ્યા તારીખ : | ૦૪/૦૧/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ: | ૦૯/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૨ | ૦૫ |

**મે.કઠોરનાં એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. મુ.કઠોર**

**ફોજદારી કેસ નં. ૧૧ / ૨૦૨૪**
**આંક :–**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** (૧) સુરેન્દ્રભાઇ બસન્તભાઇ લોધી
રહે. : કામરેજ ચાર રસ્તા પાસે મેઈન રોડ પર શંકર ડેન્સાની આગળનાં ભાગે છોલે ભટુરે ની દુકાનમાં, તા.કામરેજ, જી.સુરત.

**ગુન્હો:–(૧) જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ ૨૦૧૫ ની કલમ ૭૯ મુજબ અને (૨) બાળ તરૂણ (પ્રતિબંધીત) અને નિયમન કાયદો સને–૧૯૮૬ ની કલમ–૦૩ અને ૧૪(૧) મુજબ.**

**એડવોકેટસ :** સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.એચ.ગરાસીયા
આરોપી તરફે વિ.વકીલ શ્રી આર.એ.રાઘવાણી

## :: ચુકાદો ::

**(૧).** આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, સદર કામે કામરેજ ચાર રસ્તા પાસે મેઈન રોડ પર શંકર ડેન્સાની આગળનાં ભાગે આવેલ "દિલ્હીનાં મશહુર છોલે ભટુરે" દુકનનાં માલિક સુરેન્દ્ર બસન્ત લોધી, રહે. કામરેજ ચાર રસ્તા પાસે મેઈન રોડ પર શંકર ડેન્સાની આગળનાં ભાગે આવેલ દિલ્હીનાં મશહુર છોલે ભટુરે ની દુકાનમાં તા.કામરેજ, જી.સુરત મુળ રહે. હિદાયતનગર બેલતીકર જી.સિધ્ધાર્થ

નગર, ઉત્તરપ્રદેશ નાઓએ પોતાનાં આર્થિક ફાયદા માટે પોતાની દુકાનમાં બન્ને સગીર કિશોરોને બાળ મજુરીએ રાખી તેની પાસેથી સવારનાં ૦૫/૦૦ થી રાત્રીનાં ૨૦/૦૦ વાગ્યા સુધી બાળમજુરી કરાવી બન્ને બાળકિશોરોનું આર્થિક અને શારીરીક શોષણ કરી (૧) જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ ૨૦૧૫ ની કલમ ૭૯ મુજબ અને (૨) બાળ તરૂણ (પ્રતિબંધીત) અને નિયમન કાયદો સને-૧૯૮૬ ની કલમ-૦૩ અને ૧૪(૧) મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે.

**(૨).** આ કામે આરોપી વિરુધ્ધ ગુન્હો નોંધતા તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલ અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ગુન્હો બનતો હોય, ફો.કા.સં.ની કલમ-૧૭૩ મુજબનું ચાર્જશીટ રજુ કરેલુ હતુ.

**(૨.૧).** સદરહુ કામે કોર્ટમાં ચાર્જશીટ રજુ થતાં આરોપીને ઇશ્યુ કરવામાં આવેલ સમન્સની બજવણી થતાં આરોપી હાજર થતાં મારાં વિ.પુરોગામીશ્રી દ્વારા આંક-૦૩ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી આંક-૦૪ લગત તેઓનું નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં તેઓએ ગુનો કર્યાનો ઇન્કાર કરેલ છે. ત્યારબાદ ઇન્સાફી કાર્યવાહી માટે ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩).** ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

## :: મૌખિક પુરાવો ::

| ક્રમ | આંક | સાહેદ |
|---|---|---|
| ૧ | ૦૫ | ફરિયાદી મનિષાબેન જશભાઇની જુબાની. |
| ૨ | ૦૭ | પંચસાહેદ બડેબાબુ ડબ્બુભાઇની જુબાની. |
| ૩ | ૦૯ | પંચસાહેદ સુરજભાઇ કનૈયાલાલ સોનકર ની જુબાની. |
| ૪ | ૧૦ | સાહેદ ઉર્વશીબેન સુરેશભાઇ ચૌધરીની જુબાની. |
| ૫ | ૧૧ | પંચસાહેદ દિલીપભાઇ મગનભાઇ મહેતાની જુબાની. |
| ૬ | ૧૫ | સાહેદ મનુભાઇ બાથાભાઇ જોગરાણાની જુબાની. |
| ૭ | ૧૬ | સાહેદ ભગુભાઇ પરભુભાઇ પટેલની જુબાની. |
| ૮ | ૧૭ | પંચસાહેદ દિલીપભાઇ મગનભાઇ મહેતાની જુબાની. |
| ૯ | ૨૭ | પંચસાહેદ સંદિપભાઇ સુરેશભાઇ માછીની જુબાની. |
| ૧૦ | ૨૧ | ત.ક.અ.રવિન્દ્રભાઇ મિરીચાભાઇની જુબાની. |

## :: દસ્તાવેજી પુરાવો ::

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરિયાદ |
| ૨ | ૦૮ | પંચનામું |
| ૩ | ૧૨ | પંચનામું |
| ૪ | ૧૮ | પંચનામું |
| ૫ | ૨૨ | આધારકાર્ડ |
| ૬ | ૨૩ | આધારકાર્ડ |
| ૭ | ૨૪ | આધારકાર્ડ |

**(૩.૧).** ફરિયાદપક્ષ તર્ફે રેકર્ડ ઉપર જણાવ્યા મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે, ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું મૌખિકમાં જાહેર કરેલ છે. ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૩૧૩ અન્વયે આ કામનાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરિયાદપક્ષનાં પુરાવાઓનો ઈન્કાર કરેલ છે. વધુમાં, તેઓ બચાવમાં સાહેદ તપાસવાનો ઈન્કાર કરે છે. તેમજ વિશેષમાં તેમની સામે ખોટો કેસ કરેલ છે તેમ જણાવી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૪).** ઉપરોકત હકીકતોના આધારે કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, સદર કામે કામરેજ ચાર રસ્તા પાસે મેઈન રોડ પર શંકર ડેન્સાની આગળનાં ભાગે આવેલ "દિલ્લીનાં મશહુર છોલે ભટુરે" દુકનનાં માલિક સુરેન્દ્ર બસન્ત લોધી, રહે. કામરેજ ચાર રસ્તા પાસે મેઈન રોડ પર શંકર ડેન્સાની આગળનાં ભાગે આવેલ દિલ્લીનાં મશહુર છોલે ભટુરે ની દુકાનમાં તા.કામરેજ, જી.સુરત મુળ રહે. હિદાયતનગર બેલતીકર જી.સિધ્ધાર્થ નગર, ઉત્તરપ્રદેશ નાઓએ પોતાનાં આર્થિક ફાયદા માટે પોતાની દુકાનમાં બન્ને સગીર કિશોરોને બાળ મજુરીએ રાખી તેની પાસેથી સવારનાં ૦૫/૦૦ થી રાત્રીનાં ૨૦/૦૦ વાગ્યા સુધી બાળમજુરી કરાવી બન્ને

બાળકિશોરોનું આર્થિક અને શારીરીક શોષણ કરી (૧) જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ ૨૦૧૫ ની કલમ ૭૯ મુજબ અને (૨) બાળ તરૂણ (પ્રતિબંધીત) અને નિયમન કાયદો સને–૧૯૮૬ ની કલમ–૦૩ અને ૧૪(૧) નો ગુનો કરેલાનો આક્ષેપ છે?

૨. શું હુકમ ?

**(૫).** ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નં.(૧) : નકારમાં.

મુદા નં.(૨) : આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નં. (૧)</u> :**

**(૬).** સદરહુ કામે બન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય, હકીકતોનું પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખતર બન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**(૭).** ફોજદારી ન્યાય વિતરણ પદ્ધતિ મુજબ આરોપી સામે આક્ષેપાયેલાં ગુન્હાઓ યોગ્ય પુરાવો રજુ કરીને નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની થાય છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી.

**(૮).** ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ પુરાવાઓ જોઈએ તો, ફરીયાદ પક્ષે આંક–૦૫ થી ફરીયાદી મનિષાબેન જશભાઇ નાઓને તપાસેલ છે તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, તેઓ ૨૦૨૩ માં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ એલ.આર.પી.સી તરીકે ફરજ બજાવતાં ત્યારે તા.૦૧/૦૯/૨૦૨૩ ના રોજ સુરત જિલ્લામા જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ ૨૦૧૫ ની કલમ ૭૯ મુજબ અને ૨.બાળ તરૂણ (પ્રતિબંધીત) અને નિયમન કાયદો સને–૧૯૮૬ ની કલમ ૦૩ અને ૧૪(૧) મુજબ તેઓ તથા વુ.હે.કો.ઉર્વશીબેન સુરેશભાઇ તથા ડ્રાઈવરભાઇ વિગેરેનાઓ ખાનગી રાહે બાતમી મળેલ કે કામરેજ ચાર રસ્તા ખાતે મેઈન રોડની બાજુઆ શંકર ડેન્સોના

આગળના ભાગે દિલ્હીના મશહુર છોલે ભટુરે તથા પુલાવની દુકાન પર સગીર વયના બે બાળક કિશોરોને કામે રાખેલ છે. આ બાળ કિશોરો પાસે બાળ મજુરી કામ કરાવતા હતા. સદર જગ્યાએ રેડમા જવા બે પંચો ના માણસો સાથે રાખી નં–૧ બડે બાબુ ડબ્બુ તેમજ ૨.સુરજ ભાઈ કનૈયાલાલ નાઓને સાથે લઈ રેડનુ આયોજન કરી જે તે દિલ્હીના મશહુર છોલે ભટુરે દુકાન ખાતે સરકારી ગાડીમા લઈ ગયેલ અને છોલે ભટુરે ની દુકાન આગળ ગાડીમાથી ઉતરી દુકાનમાં પ્રવેશ કરી ત્યા દુકાનમા બે બાળકિશોરો ગ્રાહકોને છોલે ભટુરે આપવામા તેમજ ટેબલ સાફ–સફાઈ કરવાની અને બીજી અન્ય કામગીરી કરતા નજરે પડેલ. તેઓ મહિલા પોલીસે પંચોની સાથે આ બાળ કિશોરોને બેસાડી તેમનુ નામઠામ પુછી અને બાળ કિશોરો પોતાનુ નામ જણાવતા ૧. ગોલુ બેચર ઉ.વ.૧૩ ૮ મહિના તેમજ ૨.શીવ પ્રસાદ ઉ.વ.૧૩ ના છે એમ જણાવેલ અને તેઓ કામરેજ ખાતે રહે છે અને મુળ વતન પુછતા ઉત્તર પ્રદેશના હોવાનું જણાવેલ. તેમજ તેમને પુછતાં તેઓ દિલ્હીના છોલે ભટુરેની દુકાન પર છેલ્લા ૭–૮ મહિનાથી ગ્રાહકને છોલે ભટુર આપવાનુ ટેબલો સાફસફાઈ કરવાનું તેમજ વાસણો ધોવાનું કામ કરતા તેમજ તેને સવારે લગભગ ૫ થી સાંજે ૭ વાગ્યાં સુધી કામ પર રાખતા. જેમાં બપોરના અડધો કલાકની જમવાની અને આરામ કરવાની રીષેશ આપતા તેમજ તેમને પુછતા રોજ તમને કેટલા રૂ.આપવામા આવે છે તો તેમણે જણાવ્યુ કે અમને ૨૫૦ રૂ.રોજ મજુરી આપવામાં આવે છે. એમના માલિકને બોલાવી તેમનુ નામ પુછતા તેમણે પોતાનુ નામ સુરેન્દ્ર બસંત ઉ.વ.૨૫ ના હોવાનું જણાવેલ. જે અંગેની તેઓએ ફરિયાદ આપેલી. જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. તેઓને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે જેમા તેમની સહી છે. જેને આંક–૦૬ થી રજુ કરેલ છે. આરોપીને તેઓ ઓળખે છે.

આરોપી તર્ફે ઉલટતપાસ કરતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે આરોપી માલિક છે તે અંગેનાં આધાર–પુરાવા તેઓએ લીધેલાં નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આરોપી પાસેથી બાળકોનાં જન્મ–આધાર અંગેનાં આધાર પુરાવો લીધેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ બાળકોને મજુરી આપતા હતા તેનાં આધાર પુરાવા લીધેલ નથી. એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, આરોપીને ત્યાં આવા કોઇ બાળમજુરો મળી આવેલ નથી છતાં ખોટી રેડ બતાવી કામગીરી બતાવવા ખોટી રેડ કરેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કઈ ગાડીમાં ગયેલાં તેનો નંબર દર્શાવેલ નથી. એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, ફરીયાદ તેઓએ આપેલ હોય તેનાં સમર્થનમાં ખોટી જુબાની આપે છે.

**(૮.૧).** ફરીયાદ પક્ષે આંક–૦૭ થી પંચસાહેદ બડેબાબુ ડબ્બુભાઇ નાઓને તપાસેલ છે તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, તેઓ કોઈ જગ્યાએ પંચનામું કરવા ગયેલ નથી. પોલીસે તેમની તૈયાર પંચનામામાં તેમની સહી કરેલી. તેઓએ પંચનામામાં સહી કરેલ નથી. પંચનામા વિશે તેઓ કઈ જાણતાં નથી. તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી કે તેમની હાજરીમાં કોઈ ઈસમને અટક કરેલ હોય એવુ બનેલ નથી. પંચનામુ શેનુ હતુ એ તેઓને ખબર નથી. તેઓને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે. જેમા પંચ નં.૨ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખે છે. જેને આંક–૦૮ થી રજુ કરેલ છે. તથા આરોપીની અટક અંગેનુ પંચનામુ બતાવવામા આવે છે. જેમા પંચ નં. ૨ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખે છે. આરોપીને તેઓ ઓળખતાં નથી.

હોસ્ટાઈલ. સદર પંચ ફરીયાદપક્ષને સમર્થન કરતાં ન હોય સદર પંચને ફરી ગયેલ જાહેર કર્યા બાદ એ.પી.પી.શ્રી ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

આરોપી તર્ફે ઉલટતપાસ કરતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલ તે સિવાય કઈ જાણતાં નથી.

**(૮.૨).** ફરીયાદ પક્ષે આંક–૦૯ થી પંચસાહેદ સુરજભાઇ કનૈયાલાલ સોનકર નાઓને તપાસેલ છે તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, તેઓ કોઈ જગ્યાએ પંચનામું કરવા ગયેલ નથી. પોલીસે તેમની તૈયાર પંચનામામાં તેમની સહી કરેલી. તેઓએ પંચનામામાં સહી કરેલ નથી. પંચનામા વિશે તેઓ કઈ જાણતાં નથી. તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી કે તેમની હાજરીમાં કોઈ ઈસમને અટક કરેલ હોય એવુ બનેલ નથી. પંચનામુ શેનુ હતુ એ તેઓને ખબર નથી. તેઓને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે. જેમા પંચ નં.૨ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખે છે. જેને આંક–૦૮ થી રજુ કરેલ છે. તથા આરોપીની અટક અંગેનુ પંચનામુ બતાવવામા આવે છે. જેમાં પંચ નં. ૨ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખે છે. આરોપીને તેઓ ઓળખતાં નથી.

હોસ્ટાઈલ. સદર પંચ ફરીયાદપક્ષને સમર્થન કરતાં ન હોય સદર પંચને ફરી ગયેલ જાહેર કર્યા બાદ એ.પી.પી.શ્રી ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

આરોપી તર્ફે ઉલટતપાસ કરતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે

કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલ તે સિવાય કઈ જાણતાં નથી.

**( ૮.૩ ).** ફરીયાદ પક્ષે આંક-૧૦ થી સાહેદ ઉર્વશીબેન સુરેશભાઇ ચૌધરી નાઓને તપાસેલ છે તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, તેઓ ૨૦૨૩ માં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટમાં હે.કો. તરીકે ફરજ બજાવતાં ત્યારે તા.૦૧/૦૯/૨૦૨૩ ના રોજ સુરત જિલ્લામા જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ ૨૦૧૫ ની કલમ ૭૯ મુજબ અને ૨.બાળ તરૂણ (પ્રતિબંધીત) અને નિયમન કાયદો સને-૧૯૮૬ ની કલમ ૦૩ અને ૧૪(૧) મુજબ તેઓ તથા વુ.હે.કો.ઉર્વશીબેન સુરેશભાઇ તથા ડ્રાઈવરભાઈ વિગેરેનાઓ ખાનગી રાહે બાતમી મળેલ કે કામરેજ ચાર રસ્તા ખાતે મેઈન રોડની બાજુઆ શંકર ડેન્સોના આગળના ભાગે દિલ્હીના મશહુર છોલે ભટુરે તથા પુલાવની દુકાન પર સગીર વયના બે બાળક કિશોરોને કામે રાખેલ છે. આ બાળ કિશોરો પાસે બાળ મજુરી કામ કરાવતા હતા. સદર જગ્યાએ રેડમા જવા બે પંચો ના માણસો સાથે રાખી નં-૧ બડે બાબુ ડબ્બુ તેમજ ૨.સુરજ ભાઈ કનૈયાલાલ નાઓને સાથે લઈ રેડનુ આયોજન કરી જે તે દિલ્હીના મશહુર છોલે ભટુરે દુકાન ખાતે સરકારી ગાડીમા લઈ ગયેલ અને છોલે ભટુરે ની દુકાન આગળ ગાડીમાથી ઉતરી દુકાનમાં પ્રવેશ કરી ત્યા દુકાનમા બે બાળકિશોરો ગ્રાહકોને છોલે ભટુરે આપવામા તેમજ ટેબલ સાફ-સફાઈ કરવાની અને બીજી અન્ય કામગીરી કરતા નજરે પડેલ. તેઓ મહિલા પોલીસે પંચોની સાથે આ બાળ કિશોરોને બેસાડી તેમનુ નામઠામ પુછી અને બાળ કિશોરો પોતાનુ નામ જણાવતા ૧. ગોલુ બેચર ઉ.વ.૧૩ ૮ મહિના તેમજ ૨.શીવ પ્રસાદ ઉ.વ.૧૩ ના છે એમ જણાવેલ અને તેઓ કામરેજ ખાતે રહે છે અને મુળ વતન પુછતા ઉત્તર પ્રદેશના હોવાનું જણાવેલ. તેમજ તેમને પુછતાં તેઓ દિલ્હીના છોલે ભટુરેની દુકાન પર છેલ્લા ૭-૮ મહિનાથી ગ્રાહકને છોલે ભટુર આપવાનુ ટેબલો સાફસફાઈ કરવાનું તેમજ વાસણો ધોવાનું કામ કરતા તેમજ તેને સવારે લગભગ ૫ થી સાંજે ૭ વાગ્યાં સુધી કામ પર રાખતા. જેમાં બપોરના અડધો કલાકની જમવાની અને આરામ કરવાની રીષેશ આપતા તેમજ તેમને પુછતા રોજ તમને કેટલા રૂ.આપવામા આવે છે તો તેમણે જણાવ્યુ કે અમને ૨૫૦ રૂ.રોજ મજુરી આપવામાં આવે છે. એમના માલિકને બોલાવી તેમનુ નામ પુછતા તેમણે પોતાનુ નામ સુરેન્દ્ર બસંત ઉ.વ.૨૫ ના હોવાનું જણાવેલ. જે અંગેની વુ.પો.કો.મનિષાબેનએ ફરિયાદ આપેલી. જે અંગે ત.ક.અમલદારે તેઓનો જવાબ લીધેલ. આરોપીને તેઓ જોયેથી ઓળખે છે.

આરોપી તર્ફે ઉલટ તપાસ કરતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે

કે, સામાન્ય રીતે તેઓ તપાસમાં વર્દી પહેરીને જાય છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ જ્યારે રેડમાં હતાં જુવેલિન બોર્ડનો માણસ કે તેમનાં દ્વારા નિમણુક થયેલ માણસ હતાં નહી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલનાં કામે તેઓએ પંચોને બોલાવેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ કઈ વાહનમાં તેનો રજી.નં. શું હતો તે તેઓનાં નિવેદનમાં લખાવેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની સામે જન્મનો પુરાવો તેમની સમક્ષ લેવામાં આવેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાળમજુરોનાં વાલીઓનાં નિવેદન તેમની રૂબરૂ લેવામાં આવેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાનો પુરાવો તેમની રૂબરૂ લેવામાં આવેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાળમજુરોને આરોપી પગાર આપતાં હોય તે સંબંનો પુરાવો લેવામાં આવેલ નથી. તેઓએ એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, આ કામનાં ફરિયાદી તેઓનાં પોલીસ ખાતાનાં હોય તેને સમર્થન આપવા ખોટી જુબાની આપે છે.

(૮.૪). ફરીયાદ પક્ષે આંક–૧૧ થી પંચસાહેદ દિલીપભાઈ મગનભાઈ મહેતા નાઓને તપાસેલ છે તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, તેઓને પોલીસે એક તૈયાર પંચનામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. તેમાં શું લખેલ હતું એ તેઓએ વાંચેલ નહીં. તેઓને અસલ પંચનામું બતાવવામાં આવે છે. જેમાં પંચ નં–૨ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. જેને આંક–૧૨ થી રજુ કરેલ છે. આરોપીને તેઓ ઓળખતાં નથી.

હોસ્ટાઈલ. સદર પંચ ફરીયાદપક્ષને સમર્થન કરતાં ન હોય સદર પંચને ફરી ગયેલ જાહેર કર્યા બાદ એ.પી.પી.શ્રી ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

આરોપી તર્ફે ઉલટતપાસ કરતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહીઓ લીધેલ.

(૮.૫). ફરીયાદ પક્ષે આંક–૧૫ થી સાહેદ મનુભાઈ બાથાભાઈ જોગરાણા નાઓને તપાસેલ છે તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, આજથી એકાદ વર્ષ પહેલા તેઓ પાનની દુકાન, ખેતલાબાપા ટી સ્ટોર પાસે ગયેલ હતાં. ત્યારે પોલીસો આવેલા હતા. ત્યારે કેટલા તૈયાર કાગળો ઉપર તેમની સહીઓ લીધેલી. બનાવ બાબતે તેઓને

કોઈ અંગત જાણ નથી. બનાવ બાબતે તેમને કશું કહેવું નથી. આ જગ્યા ઉપર તેમનાં ભાઈની દુકાન હોય, તેમને અવાર–નવાર જવાનું હોય. પોલીસે બનાવ બાબતે તેમની કોઈ પુછપરછ કરેલી નહી.

હોસ્ટાઈલ.

આરોપી તર્ફે ઉલટતપાસ કરતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફક્ત તેઓનું નામ–ઠામ પુછેલું અને સહી લીધેલી. બનાવ બાબતે તેઓને કોઇ જાત–માહિતી નથી.

**( ૮.૬ ).** ફરીયાદ પક્ષે આંક–૧૬ થી સાહેદ ભગુભાઇ પરભુભાઇ પટેલ નાઓને તપાસેલ છે તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, તેઓ ૨૦૨૩ માં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ શાખામાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતાં ત્યારે તા.૦૧/૦૯/૨૦૩ ના રોજ પી.આઈ.જે.એ.બારોટ, તેઓ તથા વુ.પો.કો.ઉર્વશીબેન તથા મનિષાબેન વિગેર ખાનગી વાહનમાં જતાં હતા. ત્યારે ખાનગી રાહે બતામી મળેલ કે કામરેજ ચાર રસ્તા પાસે દિલ્હીનાં મશહુર છોલે ભટુરે નાં દુકાનનાં માલીક બે સગીરોને કામે રાખી શોષણ કરે છે. જેથી નજીકથી બે પંચો બોલાવી બાતમીવાળી જગ્યાએ જવાની સમજ કરી સરકારી વાહન નં.જી.જે.–૧૮–જી.બી.–૭૫૭૮ માં બેસીને હકીકતવાળી જગ્યાએ જવા નીકળેલા, જે દુકાને પહોંચી તેઓ બધા ગાડીમાંથી ઉતરી તે દુકાનમાં પ્રવેશ કરી જોતાં દુકાની છત ઉપર પતરા લગાવેલા છે. જમણી તરફ ખેતલાબાપા ની ચા ની સ્ટોલ છે. ડાબી બાજુમાં ભાવનગરની ફેમસ દાલ પુરી ની દુકાન છે. જ્યાં બે બાળકો ગ્રાહકોને છોલે ભટુરે તેમજ ટેબલની સફાઈ અને વાસણો ધોવાનું કામ કરતાં હોવાનું જણાયેલું. જેમનું પંચો રૂબરૂ નામ–ઠામ પુછતાં (૧) ગોલુ બેચન ગૌવરી, (૨) શિવપ્રસાદ રામકિશન લોઢી હોવાનું જણાવેલું તથા તેના માલિકનું નામ સુરેન્દ્ બસંત લોઢી હોવાનું જણાવેલું. જે છેલ્લા નવ મહિનાથી તેના માલીક મુળજીભાઈ રામજીભાઈ પટેલની માલિકીની દુકાનમાં ભાડેથી દુકાન ચલાવતો હતો. તેમને માસીક રૂા. ૧૫,૦૦૦/– ભાડુ તથા ડીપોઝીટ પેટે રૂા.૬૦,૦૦૦/– ચુકવેલ હતા. જેનો ભાડા કરાર ન હોવાનું જણાવેલું. તેમને શીવપ્રસાદ તેમનો ઓળખીતો છે તથા ગોલુ તેમનાં બાજુનાં ગામનો છે. જેથી તેઓને ઓળખે તેમ જણાવેલું. તે બંને પાસે મોબાઈલ ન હોય તેમને મહિલા પોલીસે પુછપરછ કરતાં પંચોની હાજરીમાં સાત–આઠ મહિનાથી મજુરી કામ કરતાં હોવાનું જણાવેલું અને માલિક સવારે ૫/૦૦ વાગ્યા થી ૨૦/૦૦ સુધી કામ કરવાનાં રૂ.૨૫૦/– પગાર આપતા હતા અને બપોરે અડધો કલાકની રીષેસ આપતા હતા. જે

બંને કિશોરોને કાઉન્સીલીંગ માટે બાળ સુરક્ષા હોમ, વી.આર.પોપાવળા આશ્રમ, કતારગામ, સુરત ખાતે મુકવાની તજવીજ કરવામાં આવેલ. જેની વુ.પો.કો. મનિષાબેને ફરીયાદ આપેલી. આ કામે ત.ક.અ એ તેમનો જવાબ લીધેલો.

આરોપી તર્ફે ઉલટ તપાસ કરતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે આરોપી માલિક છે તે અંગેનાં આધાર–પુરાવા તેઓએ લીધેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આરોપી પાસેથી બાળકોનાં જન્મ–આધાર અંગેનાં આધાર પુરાવાં લીધેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ બાળકોને મજુરી આપતાં હતાં તેનાં આધાર–પુરાવા લીધેલ નથી. તેઓએ એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, આરોપીને ત્યાં આવા કોઇ બાળમજુરો મળી આવેલ નથી છતાં ખોટી રેડ બતાવી કામગીરી બતાવવા ખોટી રેડ કરેલ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કઈ ગાડીમાં ગયેલાં તેનો નંબર દર્શાવેલ નથી. તેઓએ એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, આ કામનાં ફરીયાદી તેઓનાં સાથી કર્મચારી હોય તેનાં સમર્થનમાં ખોટી જુબાની આપે છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રેડ પાડવા અંગે તેઓએ કોઇ પરીપત્ર જોયો નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રેડ પાડવા અંગે જે વાહનમાં ગયેલ તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જ્યારે રેડ પાડવા ગયેલાં ત્યારે તેઓ ગાડીમાં બેસલ હતાં. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ગાડીમાં હોવાથી જગ્યા ઉપર શું બનાવ બન્યો તેની તેઓને કોઇ જાત માહિતી નથી.

(૮.૭). ફરીયાદ પક્ષે આંક–૧૭ થી પંચસાહેદ દિલીપભાઇ મગનભાઇ મહેતા નાઓને તપાસેલ છે તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, તેઓને પોલીસે એક તૈયાર પંચનામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી તેમાં શું લખેલ હતું એ તેઓએ વાંચેલ. તેઓને અસલ ગુનાવાળી પંચનામું બતાવવામાં આવે છે. જેમાં પંચ નં–૨ તરીકે મારી સહી છે. તેઓ ઓળખી બતાવે છે. જેને આંક–૧૮ થી રજુ કરેલ છે. આરોપીને તેઓ ઓળખતાં નથી.

હોસ્ટાઈલ. સદર પંચ ફરીયાદપક્ષને સમર્થન કરતાં ન હોય સદર પંચને ફરી ગયેલ જાહેર કર્યા બાદ એ.પી.પી.શ્રી ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

આરોપી તર્ફે ઉલટતપાસ કરતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં તેઓએ સહી કરેલી.

(૮.૮). ફરીયાદ પક્ષે આંક–૨૭ થી પંચસાહેદ સંદિપભાઇ સુરેશભાઇ માછી નાઓને તપાસેલ છે તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, તેઓને પોલીસે એક તૈયાર પંચનામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી તેમાં શું લખેલ હતું એ તેઓએ વાંચેલ. તેઓને આંક–૧૮ વાળુ પંચનામું બતાવવામાં આવે છે. જેમાં પંચ નં–૧ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. આરોપીને તેઓ ઓળખતાં નથી.

હોસ્ટાઈલ. સદર પંચ ફરીયાદપક્ષને સમર્થન કરતાં ન હોય સદર પંચને ફરી ગયેલ જાહેર કર્યા બાદ એ.પી.પી.શ્રી ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

આરોપી તર્ફે ઉલટતપાસ કરતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી.

(૮.૯). ફરીયાદ પક્ષે આંક–૨૧ થી ત.ક.અ.રવિન્દ્રભાઇ મિરીયાભાઇ ગામીત નાઓને તપાસેલ છે તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, સને–૨૦૨૩ માં તેઓ હે.કો. તરીકે કામરેજ પો.સ્ટેશન માં ફરજ બજાવતાં હતાં. તે દરમ્યાન તા.૦૧/૦૯/૨૩ નાં રોજ ગુ.ર.નં. ૨૨૧૯/૨૦૨૩ થી આર્મ વુ.પો.કો.મનીષાબેન જશભાઈ, બ.નં.૧૧૩, નોકરી હ્યુમન ટ્રાફીકિંગ યુનિટ, સુરત નાઓએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરેલ. જે ફરીયાદ પી.આઈ. જે.એ.બારોટ, હ્યુમન ટ્રાફીકિંગ યુનિટ, સુરત નાઓ રૂબરૂ આપેલી. ત્યાર બાદ તેનો ગુનો રજીસ્ટર થયાં બાદ તપાસનો ડેપ્યુટ તેઓને મળતાં તપાસ તેઓએ સંભાળી લીધેલી. તપાસનાં કામે લગતા વળગતા સાહેદોનાં નિવેદનો તેઓએ લીધેલા. તથા આરોપીનું શરીર સ્થિતીનું પંચનામુ તેઓ રૂબરૂ કરેલું. તથા બતામીવાળી હકીકત ની જગ્યાનું પંચનામુ પી.આઈ.જે.એ.બારોટ, હ્યુમન ટ્રાફીકિંગ યુનિટ, સુરત રૂબરૂ કરેલું. તપાસનાં કામે બાળ કિશોર ગોલુ નો આધાર કાર્ડ ની ઝેરોક્ષ આરોપી પાસેથી મળેલ જેની ઝેરોક્ષ આજરોજ આંક–૨૨ થી રજુ કરેલ છે. તથા બાળ સાહેદ શીવપ્રસાદ આધાર કાર્ડ ની ઝેરોક્ષ આરોપી પાસેથી મળેલ જેની ઝેરોક્ષ આજરોજ આંક–૨૩ થી રજુ કરેલ છે. તથા આરોપીના આધાર કાર્ડ ની ઝેરોક્ષ આંક–૨૪ થી રજુ કરેલ છે. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ જોયેથી ઓળખે છે.

આરોપી તર્ફે ઉલટ તપાસ કરતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે

કે, ફરીયાદ તથા સ્થળ સ્થિતિનું પંચનામું તેમની રૂબરૂમાં થયેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દુકાન માલિકીનાં કોઇ પુરાવા લીધાં નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાળ આરોપીનાં જન્મનો દાખલો લીધેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાળમજુરી અંગેનો કોઈ ડ્રાઈવ હોય તે અંગેનો કોઇ પરીપત્ર આ કામે રજુ કરેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે કોઇ જુવેનાઈ ઓફિસરનું નિવેદન લીધેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે બાળકિશોરોને પૈસા આપતા હોય તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રેડ પાડવા અંગે તેઓએ કોઇ પરીપત્ર જોયો નથી. તેઓએ એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, તૈયાર પંચનામાં અને ફરીયાદ આપેલ હોય તેનાં અનુસંધાને ખોટું ચાર્જશીટ કરેલ છે.

**( ૯ ). પુરાવાનું મુલ્યાંકન:**

ફરીયાદપક્ષના પુરાવાનું અવલોકન તથા મુલ્યાંકન કરતા જણાય છે કે, સદર કામે ફરીયાદી તથા અન્ય પોલીસ સાહેદો ફરીયાદને સમર્થન આપે છે. જ્યારે આંક-૧૫ થી તપાસવામાં આવેલ સ્વંતત્ર સાહેદ મનુભાઇ બાથાભાઈ જોગરાણા ફરિયાદને સમર્થન કરતાં નથી. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે તેઓને બનાવ અંગેની કોઇ જાણકારી નથી અને પોલીસે તેઓનું માત્ર નામઠામ પુછેલું.

સદર કામે ત.ક.અ. દ્વારા આધારકાર્ડની ઝેરોક્ષ નકલ લેવામાં આવેલ છે. પરંતુ, આધારકાર્ડ ઇશ્યુ કરવામાં આવેલ ઓથોરીટીનાં કોઇ સક્ષમ અધિકારીને આ કામે તપાસવામાં આવેલ નથી. વધુમાં, આરોપી દ્વારા જુવેનાઈલને પોતાની દુકાનમાં પગાર ઉપર બાળમજુરો રાખેલ હતાં તે અંગેનો કોઇ આધાર પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી. ત.ક.અ. દ્વારા કહેવાતાં બાળમજુરોનાં માતા-પિતા કે જેનાં સંરક્ષણમાં તેઓ રહેતાં હોય તેઓનાં કોઇ નિવેદન કે તેઓને સાક્ષી તરીકે આ કામે તપાસવામાં આવેલ નથી. જેથી બાળમજુરો આરોપીની દુકાનમાં કામ કરતાં હોય તે અંગેની શંકા ઉત્પન્ન થાય છે. જે પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

**(૧)** આ કામનાં આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૪૮ (૧) મુજબ (૧). જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટ ૨૦૧૫ ની કલમ ૭૯

મુજબ અને (૨). બાળ તરૂણ (પ્રતિબંધીત) અને નિયમન કાયદો સને–૧૯૮૬ ની કલમ–૦૩ અને ૧૪(૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનાં આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) અન્વયેનાં રૂા.૫૦૦૦/– નાં અંકે રૂપિયા પાંચ હજાર પુરાનાં જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકો રજુ કરવાનો રહેશે.

હુકમ આજ તા.૦૯ મી , માહે– માર્ચ , સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

**કઠોર.**
**તા: ૦૯ – ૦૩ –૨૦૨૬**

**(પ્રખર શર્મા)**
**એડી. ચીફ જ્યુડી.મેજી., કઠોર**
**GJ 01416**